**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરમાં વધતા કોરોના સંક્રમણથી ઘેરી ચિંતા

**સોશિયલ ડિસ્ટન્સ, સેનેટાઈઝર અને માસ્કનો સતત ઉપયોગ કરવો : બીનજરૂરી રીતે બહાર નીકળવાનું ટાળો : પ્રસંગોમાં જવામાં ઉત્સાહ ન બતાવો : અજાણ્યા માણસોને મળવું હિતાવહ નથી**

ગાંધીનગર, તા.૮

આ વર્ષના માર્ચ મહિનાથી કોરોનાએ નગરમાં માજા મુકી છે. સામાન્યથી લઈ કોઈ પણ વર્ગનો માણસ માર્ચથી લઈ જો મહિનાના અંત સુધી ઘરની બહાર નીકળ્યો નથી પરંતુ ત્યારબાદ અનલોક થતા ધીમે ધીમે નગર ધમધમતું બન્યું છે અને જુલાઈ મહિનો શરૂ થતા અનલોક-૨માં વધુ જ છૂટછાટ મળતા નગરમાં હવે સોશિયલ ડિસ્ટન્સીંગ પણ જળવાઈ નથી રહ્યું. એક બાજુ સરકાર દ્વારા સતત ૬૦થી વધુ દિવસનું લોકડાઉન ટાળવામાં આવ્યું અને બીજી બાજુ અનલોક-૨ નાના-મોટા ઉદ્યોગકારો તથા તમામના રોજગારી ધંધા હવે આગળ વધે તે ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું પરંતુ જનતા હવે ધીમે ધીમે કોરોનાના વિશેની સતર્કતાને ભૂલી જતી જણાય છે. ભય રાખવો જરુરી નથી પરંતુ સતર્કતા હોવી જરુરી છે. લોકડાઉનમાં નગરજનો ઘરે રહ્યા અને પોતાને કોરોનાથી બચાવી શકયા પણ ખરેખર હવે ઘરે રહેવાની અને કામ વગર ઘરની બહાર ન નીકળવાની જરૂર છે કારણ કે ધંધા-રોજગાર સાથે નગરના બજાર શરૂ થતા સંક્રમિત થવાના ચાન્સીસ વધુ છે ઉપરાંત માસ્ક અને સેનેટાઈઝર વગર ઘરની બહાર નીકળી શકાય તેમ નથી ત્યારે નગરમાં અનેક નાગરિકો માસ્ક વગર ફરતા જણાય છે અને સોશિયલ ડિસ્ટન્સીંગના નામે હાલ નગર ઝીરો છે. કોઈ શાકભાજી કે કરિયાણાની



દુકાને હદ કરવા વધુ લોકોની ભીડ જણાઈ રહી છે. અમુક વિસ્તાર વધુ જ સતર્ક દેખાય છે ત્યારે અમુકમાં કોઈ જ નિતિ નિયમોનું પાલન થતું નથી. નગરમાં દિવસે ને દિવસે કેસ વધતા જાય છે ત્યારે ગાંધીનગર સમાચાર નગરના નાગિરકોને અપીલ કરે છે કે દરેક નગરજનોએ અનિવાર્ય સંજોગો સિવાય બહાર નીકળવાનું ટાળવું અને બને તો માસ્ક અવશ્ય પહેરવું. માસ્કને બોજ ન સમજીને તેને હાલના સમયમાં શ્રેષ્ઠ મિત્ર માનીને ચાલવું. શકય હોય ત્યાં સુધી બહારનું ખાવા પીવાનું ટાળવું. સારા માઠા પ્રસંગોએ ટોળા સર્જવાની ભૂલ ન કરવી. ઘણા ફલેટના કમ્પાઉન્ડમાં કે અગાસીઓ પર ખાણી પીણીની પાર્ટી ગોઠવે છે. આ બાબતને જરૂરથી ટાળવી ગમે તે વ્યકિતને આજે કોરોના હોઈ શકે છે જેની આપણને જાણ જ હોતી નથી માટે બને તો કામ વગર ગમે ત્યાં જવાનું ટાળવું.

નગરમાં દરેકને એમ લાગી રહ્યું છે કે કોરોના જેવું કાંઈ નથી. છેવાડાના વિસ્તારમાં તો બાળકો ઘરની બહાર બેફીકર થઈને રમતા જોવા મળે છે. હવે જો એક સંક્રમિત બાળકથી બીજા બાળકોને કોરોના થયો તો બાળક આ સમય કેવી રીતે પસાર કરી શકશે? શાકભાજી કે અન્ય કોઈ પણ ચીજ વસ્તુ લેવા જાવ ત્યારે એક સાથે બધુ ખરીદી લેવું બને તો અઠવાડિયાનું બધું જ જેથી કરીને એક જ વાર ઘરની બહાર નીકળી દરેક વસ્તુઓ લાવી શકાય અને સંક્રમણથી બચી શકાય.

ઘરની બહાર પગ મૂકતા જ સોશિયલ ડિસ્ટન્સીંગ વિશે સજાગ જ રહેવું. માસ્કનો ઉપયોગ કરવાનું ભૂલવું નહી અને ગમે તે જગ્યાએ અડકવું નહિ. એક જ બાબતનું ધ્યાન રાખવાની જરૂર છે કે, જો કાળજી નહી રાખીએ તો આપણા એકના લીધે પુરા પરિવારને કોરોનાને લીધે થતી પીડા સહન કરવાની આવશે એમને કોરોના થાય કે ન થાય તેઓ દુઃખી જરૂરથી થશે. માટે જ થોડા સજાગ થઈ કોરોના સાથે જીવીએ તો ખરા પણ સતર્ક પણ રહીએ.

## કોરોનાને દૂર રાખવાના ઉપાયો

● **ગરમ પાણી પીવું :** સવાર અને સાંજે ૨ વાર ફાવે તેટલું ગરમ પાણી પીવું જેથી શ્વસનતંત્ર અને પાચનતંત્રનું શુધ્ધિકરણ થાય.

● **મીઠાના કોગળા :** દિવસ દરમિયાન ઓછામાં ઓછું એક વાર અને વધુમાં વધુ પાંચ થી છ વાર મીઠાના પાણીના કોગળા કરવા.

● **ઉકાળો :** તુલસી, ફુદીનો, કાળા મરી, સૂંઠ અને દેશી ગોળ નાખી ઉકાળો બનાવી અનુકુળતા મુજબ પીવો.

● **સૂંઠ :** એક ચપટી સૂંઠ સવાર સાંજ જીભ પર રાખી ધીરે ધીરે ગળા નીચે ઉતારવી. સૂંઠથી કફ થતો અટકે છે અને ગળાનો સોજો દૂર થાય છે.

● **અજમાનો નાસ :** રાત્રે સુતી વખતે પાણીમાં માફક સર અજમો નાંખી ગરમ કરી તેની વરાળનો નાસ લેવો. નાસ લેવાથી ફેફસાના બેકટેરીયા દૂર થાય છે.

● **પ્રાણાયામ :** દરરોજ સવારે અને સાંજે ફરજિયાત પાંચ મિનિટ ઉંડા શ્વાસ લેવા. શ્વાસને વધુ રોકી રાખવાનો પ્રયાસ કરવો જેનાથી ફેફસાની તાકાત વધવાની સાથે ઓકિસજનને ટકાવી રાખવાની ક્ષમતા વધે છે.



બધે જ ધોધમાર વરસાદ છે પરંતુ પાટનગરમાં તો હળવો હળવો જ વરસાદ પડી રહ્યો છે. વાતાવરણ ખૂબ જ આકર્ષક બની રહ્યું છે. આકાશમાં ઘેરાતા કાળા ડીબાંગ વાદળો અને કયારેક કયારેક વરસી જતો ઝરમર વરસાદ શહેરને હીલસ્ટેશન જેવું બનાવી રહ્યા છે. આવા વરસાદી વાતાવરણમાં શાકમાર્કેટમાં ભીડ દેખાઈ રહી છે. વસાહતીઓ છત્રીઓ લઈ શાકમાર્કેટમાં ખરીદી કરવા ઉમટી રહ્યા છે.

# શહેરમાં આ વર્ષે જયા પાર્વતી વ્રતનું જાગરણ ફીક્કુ

**કોરોનાને કારણે શહેરની દીકરીઓએ પોતપોતાના ઘરમાં જ રહી જાગરણ કર્યુ**

ગાંધીનગર, તા.૮

ગૌરી વ્રત પૂર્ણ થયું ને જયા પાર્વતી વ્રત પણ પૂર્ણ થયું છે ત્યારે વ્રત નિમિત્તેનું જાગરણ અષાઢ વદ બીજના રોજ નગરની દીકરીઓએ હાલ લોકડાઉનમાં અલગ રીતે જ કર્યુ હતું. આમ તો વ્રત નિમિત્તેનું જાગરણ કરવા માટે નગરનું સ્વર્ણિમ પાર્ક જાણીતું છે ઉપરાંત સિનેમા ઘરો અને નગરમાં ભરાતો મેળો એ દર વર્ષે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને કારણે ઘરની બહાર કામ વગર નીકળવાની પરિસ્થિતિ જ નથી ત્યારે બાળાઓએ ઘરે જ રહીને વ્રતના ૫ દિવસ પસાર કર્યા છે. આમ તો આ પાંચ દિવસ શાળા કોલેજોમાં પણ ફ્રી ડ્રેસની પરવાનગી અપાય છે તથા અલગ અલગ પહેરવેશમાં તૈયાર થઈ નગરની દીકરીઓ શાળાએ જતી હોય છે પરંતુ આ વર્ષે તમામ બાબતો કરતા ઘરે રહેવું વધુ જરૂરી હતું જેને કારણે જાગરણ પણ ઘરે જ કરવું પડયું. જેમાં ઘરની બહાર જવાની જગ્યાએ ઘરે પરિવાર સાથે ઈનડોર ગેમ્સ રમી તથા ટીવી જોઈને જાગરણ કર્યુ. આ બાબતે વાત કરતા નગરના એક વાલી જણાવે છે, 'આજે ઈન્ટરનેટની ઉપયોગીતા વધવાને કારણે ઘરે બેઠા મનોરંજન થઈ શકે તેમ છે એટલે દીકરીને થોડીવાર ઘરે પરિવાર સાથે મળી ઈનડોર ગેમ્સ રમાડી અને ત્યારબાદ ઘરે જ ફિલ્મ અને વેબસિરીઝ જોઈને જાગરણ કર્યુ છે અને આમેય કોરોનાને કારણે હવે પરિવારજનો પણ ટેવાઈ ગયા છે.' આમ, નગરની દીકરીઓએ વ્રતનું જાગરણ પરિવાર સાથે અવનવી ગેમ રમી ટેલિવિઝન નીહાળીને પૂર્ણ કર્યુ હતું.



# દરરોજ ૭૦૦ જેટલાં જરૂરિયાતમંદોને જઠરાગ્નિ સંતોષતું બોરિજ જૈન તિર્થનું ખીચડી ઘર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના બોરિજ ખાતેના પ્રસિધ્ધ જૈન તિર્થ શ્રી વિશ્વમૈત્રી ધામ ખાતે સાધ્વી પૂ. પુણ્યપ્રભાવશ્રીજી મ.સા.ના દ્વારા કાર્ડિયાક સર્જન તબીબ ડૉ ભૂપેશભાઈ ડી. શાહના સહયોગ તથા માર્ગદર્શન અંતર્ગત 'ખીચડી ઘર'ની શરૂઆત કરવામાં આવી છે. આ ખીચડી ઘર દરરોજ ૭૦૦ જેટલી જરૂરિયાતમંદ વર્ગની વ્યકિતઓના પેટની આંતરડી ઠારવામાં ઉપયોગી નિવડશે જેમાં ખીચડી ઉપરાંત ચુરમાના લાડુ,મગસના લાડુ, શીરો, ફાડા લાપસી, કેળાં, સેવ મમરા, બિસ્કિટ વગેરે જેવી વાનગીઓ પણ આંતરે દિવસે વારાફરથી ઉપલબ્ધ બનશે.

જયારથી દેશ અને દુનિયામાં કોરોનાનો પ્રકોપ વધ્યો છે ત્યારે સાધ્વીજી પૂ. પુણ્યપ્રભાશ્રીજી મ.સા.નું મન દુઃખી અને વ્યથિત બન્યું છે અને તેઓ દરેક જીવાત્માઓની ચિંતા કરવા સાથે 'જગતના સર્વે જીવોનું કલ્યાણ થાઓ'ની ભાવના વ્યકત કરી રહ્યા છે. આ વ્યથાના ઉપક્રમે તેમણે અમદાવાદમાં માનવ સેવા કાર્યો કરતા તબીબ ડૉ. ભૂપેશભાઈ શાહના સહયોગ અને માર્ગદર્શન સાથે બોરિજના વિશ્વમૈત્રી ધામ ખાતે જરૂરિયાતમંદો માટે ખીચડી ઘરની શરૂઆત કરાવી છે.જેનો લાભ આસપાસના વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરીવારો પ્રાપ્ત કરી રહ્યા છે. આ ખીચડી સેવા સાથે તેમણે દર આંતરે દિવસે તેમાં ચુરમાના લાડુ, મગસના લાડુ, શીરો, ફાડા લાપશી, કેળાં, સેવ મમરાં, બિસ્કિટ વગેરે જેવી પૌષ્ટિક વાનગીઓ પણ વારાફરથી પીરસાય તેવું આયોજન કર્યુ છે. આ સેવા તેમના ભકતો દ્વારા પુરી પાડવામાં આવી રહી છે અને છેલ્લા બે માસથી બોરિજ જૈન તિર્થના સ્ટાફ દ્વારા પણ ખીચડી ઘરમાં નોંધપાત્ર સેવા આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાધ્વીજીએ લોકડાઉનના પ્રથમ રાઉન્ડમાં અનાજની કીટનું જરૂરિયાતમંદોમાં વિતરણ કરાવી પ્રસંશનીય સેવા પુરી પાડી હતી.



# વાવોલને સીટીબસ સેવાના ઓછા રૂટથી અપડાઉન કરતા મુસાફરોને અન્યાય

**ક-રોડ તથા વાવોલ આસપાસના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતા રૂટ શરૂ કરાય તેવી મુસાફર જનતાની અપેક્ષા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરનો વ્યાપ વધતા જ વાવોલનો સમાવેશ મહાનગરપાલિકામાં થઈ જવા પામ્યો છે. આ સાથે અહીંના વસાહતીઓમાં મહાનગરની સુવિધાઓ પ્રાપ્ત થવાની અપેક્ષાઓ સેવાઈ રહી છે. વાવોલ ગુડા વિસ્તાર તરીકે પણ ગાંધીનગર મહાનગરનો સૌથી નજીકનો રહેણાંક વિસ્તાર ધરાવતું હતું છતાં સીટીબસ સેવામાં વાવોલને અન્યાય થતો આવ્યો છે અને હવે જયારે વિધિવત રીતે મહાનગરપાલિકામાં સમાવેશ થઈ ગયો છે ત્યારે વાવોલને સીટીબસના વધુ રૂટ ફાળવવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં અપેક્ષા જોવા મળી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સીટીબસ સેવા ચાંદખેડા, મોટેરા, ચિલોડા, પેથાપુર, રાંધેજા, વાસણ, કોલવડા વગેરેને આવરી લેતી હતી હવે તેનો વ્યાપ વધીને છેક નારદીપુર સુધી પહોંચ્યો છે. અગાઉ વાવોલ-ઉવારસદ રૂટ પર સીટી બસ સેવા શરૂ કરાઈ હતી જેના રૂટ અગમ્ય કારણોસર પાછળથી ઘટાડી દેવામાં આવ્યા હતા જેના કારણે આ વિસ્તારની મુસાફર જનતા ખાસ કરીને રોજેરોજ અપડાઉન કરતા નોકરિયાતો, વિદ્યાર્થીઓ તથા વ્યવસાયિકો માટે ઉપયોગી બને તે પહેલાં જ રૂટમાં ઘટાડો થઈ જતા નાગરિકોમાં નિરાશા વ્યાપી હતી. જો કે હવે વાવોલનો મહાનગરપાલિકામાં સમાવશ થઈ ગયો છે ત્યારે વાવોલને આવરી લેતા નવા રૂટ થોડો વધુ સર્વે કરીને શરુ કરવામાં આવે જેમાં 'ક' રોડ, જીઆઈડીસી, પુન્દ્રાસણ, ટીંટોડા, જલુન્દ, આદરજ, કોલવડા, ઉવારસદ, તારાપુર, સરગાસણ ચોકડી વાયા ઉવારસદ વગેરેને આવરી લઈને જો નવા રૂટ ગોઠવાય તો આ વિસ્તારના નાગરિકો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે તેમાં બે મત નથી તેવું આ વિસ્તારના વસાહતીઓનું માનવું છે.

# તમે સાત ગામોની જમીન સંપાદન કરી છે, નહીં કે ગામ... પહેલા સર્વે તો કરાવો

**પાટનગરના નિર્માણ માટે જમીન આપનારા ગામોના રહીશોને પ્રોપર્ટી કાર્ડ અંગે નોટીસ નં. ૬ ફટકારાતાં કોર્પોરેટર હસમુખ મકવાણાનો વિરોધ : જમીન સંપાદન કરાયા બાદ આજ દિન સુધી સર્વે કે વેરો આકારણીની કામગીરી હાથ ધરાઈ નથી**

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરના નિર્માણ માટે જે સાત ગામોની જમીન સંપાદન કરવામાં આવી હતી તે ગામના અસરગ્રસ્તો મહામુલી જમીન ગુમાવ્યા પછી પણ તેમના ગામમાં નોટીસ નં. ૬ ફટકારવાના મામલે મનપાના વોર્ડ નં. ૨ ના કોર્પોરેટર હસમુખ મકવાણાએ વિરોધ અને નારાજગી વ્યકત કરી છે. હસમુખ મકવાણાએ જમીન સંપાદિત ગામોમાં વર્ષ ૧૯૬૨-૬૩માં સંપાદન કરવામાં આવ્યું ત્યારથી કોઈ રીસર્વે કે વેરા અંગેની કાર્યવાહી કરવામાં આવી ના હોવાથી આ ગામોના ખેડૂત રહીશોને અત્યારે હાથ ધરવામાં આવેલ પ્રોપર્ટી કાર્ડની કાર્યવાહીથી અન્યાય થઈ રહ્યો હોવાની રાવ ઉઠાવી છે.

પાટનગરના અસરગ્રસ્ત સાત ગામોમાં જમીન સંપાદન બાદ આજ દિન સુધી વેરો ઉઘરાવવાની કાર્યવાહી કરાઈ ના હોવા ઉપરાંત રીસર્વે પણ કરવામાં આવ્યો નથી તેમજ ગામતળ વધારવાની માંગણી પણ સંતોષવામાં આવી નથી તેવો આક્ષેપ કરતા હસમુખ મકવાણાએ જણાવ્યું છે કે આ ગામ પૈકી નદી કિનારાના ગામોમાં ધોવાણને કારણે વાડાઓમાં જ નવા મકાન બનાવવા પડ્યાં છે જેનો નવો રેકોર્ડ કે નવા વાડા પત્રકમાં સુધારો-વધારો પણ કરવામાં આવ્યો નથી. આ સાથે એક ગામ એક કુટુંબની ચોથી પેઢીની શરૂઆત જમીન સંપાદન કર્યા પછી થઈ હોવાથી વડવાઓની માલિકીની ખુલ્લી જમીનમાં બનાવાયેલા નવા મકાનોનો સર્વે કરાયો નથી કે વેરાની આકારણી પણ કરવામાં આવી નથી. હાલ નવા પ્રોપર્ટી કાર્ડ બનાવવાની ચાલી રહેલી પ્રક્રિયા અંતર્ગત સર્વે કચેરી દ્વારા પુરાવા માંગવામાં આવ્યાં છે પરંતુ આ મકાનમાલિકો પાસે પુરાવા ના હોવાથી પાટનગરના નિર્માણ માટે પોતાની અમુલ્ય જમીન આપનાર અસરગ્રસ્તો લાભથી વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે માટે વહેલી તકે સર્વેની કામગીરી હાથ ધરાય તે જરૂરી જણાવતા હસમુખ મકવાણાએ આ ગામોને રેકર્ડ પણ ઉપલબ્ધ ના હોવા માટે જવાબદાર ગ્રામજનો નહી પરંતુ સરકાર હોવાનું જણાવ્યુ છે. આ સાથે તેમણે સરકારની કાર્યવાહી પર 'સાત ગામોની જમીન સંપાદન કરી છે નહીં કે ગામ' તેવો કટાક્ષ કરતાં હક્ક ચોકસી અધિકારીને ન્યાયાત્મક પગલાં લેવા લેખિત રજૂઆત કરી છે.



ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં ગાંધીનગરમાં કચરાની સમસ્યાનો ઉકેલ આવતો નથી. જયાં ત્યાં ફેંકાયેલો કચરો પાટનગરને ગંદકીભર્યુ બનાવે છે. કચરાના નિકાલની વ્યવસ્થા ગોઠવાઈ હોવા છતાં તેનું અમલીકરણ યોગ્ય રીતે ન થતાં કચરાનું સામ્રાજય જયાં ત્યાં જોવા મળે છે. ખ-૨ સર્કલ નજીક જોવા મળતો આ કચરો શહેરની આભાને નુકશાન પહોંચાડી રહ્યો છે.

# ચિલોડા નજીકથી ચોરીની રીક્ષા અને બાઈક સાથે કિશોર સહિત બે ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ચિલોડા થી સાદરા જતા માર્ગપરથી પોલીસે એક શખ્સ અને કિશોરને ચોરીની રીક્ષા તેમજ બાઈક સાથે પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી બાઈક, રીક્ષા અને ત્રણ રીક્ષાના સ્પેરપાર્ટસ મળી કુલ રૂ.૯૫,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એમ.જે.શીંદે ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી, જેથી ચિલોડા થી સાદરા જતા માર્ગ પર શિવમ બિલ્ડીંગ નજીક એક કિશોર અને યુવકને પકડી પાડ્યા હતા. શખ્સનું નામ પુછતા તે સાબરકાંઠાના મોકમજી ના મુવાડાનો કિશનસિંહ ઉર્ફે કાળાજી રાઠોડ (ઉં.૨૨) હોવાનું ધ્યાને આવ્યું હતું. તેની પાસેથી જી.જે.૧૮.એ.પી.૯૨૮૯ નંબરનું પેશન પ્રો બાઈક તેમજ જી.જે.૦૯.એ.એકસ.-૪૫૫૯ નંબરની સીએનજી રીક્ષા અને રીક્ષાના સ્પેરપાર્ટસ મળી આવ્યા હતા. જેને અનુલક્ષી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા કિશોરે બાઈક ૧૫ દિવસ પહેલા આલમપુર પાટીયા પાસેથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જયારે રીક્ષા રહેલા સ્પેરપાર્ટસ અંગે પુછતા તેઓએ જુદી-જુદી રીક્ષાઓમાંથી નીકાળ્યા હોવાનું સામે આવ્યું હતું. આ ચોર ટોળકીએ એક માસ અગાઉ હિંમતનગર નજીક આવેલી સાબરડેરી પાસેથી બાઈક ચોરીને આલમપુર પાસે મુકી દીધુ હતુ. તો બીજીતરફ આલમપુર પાટીયા પાસેથી રીક્ષા ચોરી સ્પેરપાર્ટસ કાઢીને સાબરડેરી પાસે મુકી હતી. આમ માત્ર ૫ માસમાં ચોરીની રીક્ષા મહુડી-પ્રાંતિજ માર્ગ પર આવેલી કેનાલ ખાતે મુકી હતી. જયારે ૬ માસ અગાઉ સ્પેરપાર્ટસ કાઢીને રીક્ષા ગોલથરા ગામ નજીક મુકી હતી. એલસીબી પોલીસે બાઈક, રીક્ષા અને ત્રણ રીક્ષાના સ્પેરપાર્ટસ મળી કુલ રૂ. ૯૫,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં મનોહર હિંડોળા



ચોમાસાની શરૂઆત થતા જ જેમ પ્રકૃતિ ખીલી ઉઠે છે તેમ ભગવાનને પણ આ સમયે હિંડોળામાં ઝુલાવવાની પરંપરા અકબંધ છે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ એક મહિના સુધી નગરના વિવિધ મંદિરોમાં યોજાતા હિંડોળા મહોત્સવમાં ભકિત, શ્રધ્ધા, સેવા, કલા અને સમર્પણના દર્શન થાય છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા યોજાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, મંદિરમાં હિંડોળાના દર્શનનું વિશેષ આકર્ષણ ભાવિકોમાં રહેલું છે. જેને ધ્યાનમાં લઈ આ વર્ષે મંદિર વ્યવસ્થાપકો દ્વારા વર્તમાન કોરોના મહામારીને કારણે સૌના સ્વાસ્થ્ય અને સુરક્ષાના હેતુથી સરકાર દ્વારા નક્કી કરેલા નિયમોના પાલન સાથે દરરોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી હિંડોળા દર્શન યોજાશે.

## આજના હિંડોળા

- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે કસુંબી ઘટા
- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સુવાસ શલાકા

## ચિરવિદાય

- સ્વ. હંસાબેન નિલેષભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૬, સેકટર-૨૨
- સ્વ. ડૉ. પુરુષોત્તમભાઈ સોમાભાઈ પટેલ, ઉ.વ. ૬૮, સેકટર-૭-એ
- સ્વ. પ્રતિબેન ઈન્દ્રવદનભાઈ પુરોહિત, ઉ.વ. ૫૯, વિસનગર, જી. મહેસાણા
- સ્વ. સોલંકી ગીરધરલાલ મંગાજી, ઉ.વ. ૬૬, મુ. આનંદપુર (ડભોડા)